ક્રમાંકઃ-વહટ/ક-૪/વશી./ ૨૫૨૫ /૧૯ | ૮૨૨૦

પોલીસ કમિશ્નરની કચેરી સુરત શહેર.

સુરત તારીખઃ ૧૨/૦૬/૧૯

પ્રતિ,

જિલ્લા કલેકટર શ્રી

સુરત શહેર

13 JUN 2019

**વિષય :- ડી.જી.પી./આઇજીપી .કોન્ફરન્શ- ૨૦૧૮ દરમ્યાન પ્રધાન મંત્રીશ્રી દ્વારા અપાયેલ માર્ગદર્શન મુજબ શાળા/કોલેજ કક્ષાએ શહીદોની યાદમાં "સ્મારક(મેમોરીયલ) ઉભુ કરવા બાબત**

સંદર્ભ :- પો.હા. અને મુ.પો. અધિકારી શ્રી, ગુ.રા.ગાંધીનગરનાઓના પત્ર ક્રમાંક : પીએ/એડીજીપી (પીઆર)/ડીજી-આઇજીકોન્ફ./૨૦૧૯/૧૦૫ તા.૧૬/૫/૨૦૧૯ .

૨૫૦૫
10860659
24/6/19

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ડીજીપી/આઇજીપી કોન્ફરન્સ-૨૦૧૮ ટેકનપુર (મધ્ય પ્રદેશ)ખાતે તા. ૬ થી ૮ જાન્યુઆરી ૨૦૧૮ આયોજીત થયેલ તે દરમ્યાન પ્રધાનમંત્રીશ્રી દ્વારા માર્ગદર્શન અપાયેલ કે શહિદો જે શાળા/કોલેજ માં અભ્યાસ કરતાં હતાં ત્યાં તેમના ગૌરવ અને શૌર્યને બિરદાવવા તથા રાષ્ટ્ર અને શહિદો માટે સન્માનની ભાવના ઉભી થાય તે માટે શાળા/કોલેજ કક્ષાએ શહીદોની યાદમાં "સ્મારક(મેમોરીયલ)" ઉભુ કરવા જણાવેલ છે.

શહીદોમાંથી આવનારી નવી પેઢીને પ્રેરણા મળે તે માટે શહિદો જયાં અભ્યાસ કરતાં હતા તે શાળા/કોલેજ માં તેઓની યાદમાં વાર્ષિક એક ફંકશનનું ૨૧ મી ઓકટોમ્બરના રોજ આયોજન કરવા માટે જણાવવામાં આવેલ છે. કે જેથી રાષ્ટ્ર અને શહિદો માટે સન્માનની ભાવના ઉભી થાય .

ઉપરોકત બાબતે **PPP (Public private partnership)** મોડલ અનુસાર સ્મારક ઉભુ કરવા તેમજ પબ્લીકમાં શહિદો અને દેશ માટે સન્માનની ભાવના ઉભી થાય તેવા પ્રયત્ન કરવા પ્રતિ માસ આપશ્રી ની કક્ષાએ જે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે અંગેની માહિતી મોકલી આપવા વિનંતી છે.

આ બાબતે અત્રેની કચેરીએથી પોલીસ ગાંધીનગર કચેરી ખાતે અહેવાલ પાઠવવાનો હોવાથી આ બાબતની માહિતી અચુક મોકલી આપવા વિનંતી છે.

(સજનસિંહ પરમાર )

નાયબ પોલીસ કમિશનર

વહીવટ સુરત શહેર

જા. નં. મા-૬/૨૦૧૯/...

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,

જિલ્લા સેવા સદન-૨, બ્લોક,

ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત

તા.: 14/08/2019

૧૨૨

વહીવટ

૨/ નકલ રવાના :- આગ લખા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત જિલ્લો સુરત.

પ્રતિ, સુરત જિલ્લાની તમામ શાળાઓ તરફ.

Scanned by CamScanner